| | |
|---|---|
| | **Gujarat Public Service Commission**<br>**PROVISIONAL RESULT**<br>**List (second)of Eligible Candidates for Application Scrutiny**<br>**Advertisement No. 138/2019-20** |

**વંચાણે લીધી:- આયોગની તા:-18.02.2021ની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી.**

1. ગુજરાત ખનિજ વિકાસ નિગમ **(GMDC)** હસ્તકની **આસીસ્ટન્ટ મેનેજર(એન્વાયરમેન્ટ),વર્ગ-૨ ની** જગ્યાએ ભરતી કરવા માટે **જાહેરાત ક્રમાંક: 138/2019-20ના** સંદર્ભમાં આયોગ દ્વારા **તા.13.12.2020ના** રોજ યોજાયેલ પ્રાથમિક કસોટીના આધારે ઉપર વંચાણે લીધેલ યાદીથી અરજી ચકાસણીને પાત્ર **કુલ:22** ઉમેદવારોની યાદી પ્રસિધ્ધ કરવામાં આવી હતી. આ અરજીઓની ચકાસણી બાદ , આયોગના તા.14.10.1986ના કચેરી હુકમથી નિયત માપદંડ મુજબ , રૂબરૂ મુલાકાત માટે પુરતા ઉમેદવારો પ્રાપ્ત ન થતાં,મેરીટ યાદી મુજબ વધુ **કુલ: 10** ઉમેદવારની બીજી યાદી નીચે મુજબ પ્રસિધ્ધ કરવામાં આવે છે. પ્રસ્તુત યાદી એ મેરીટ લીસ્ટ નથી. પરંતુ ,માત્ર અને માત્ર જે ઉમેદવારો પાસેથી પ્રમાણપત્રોની ચકાસણી માટે અરજીઓ મંગાવવાની થાય છે તે 'Zone of Consideration' અંતર્ગતની યાદી છે.

**અરજી ચકાસણી પાત્ર ઉમેદવારોએ** https://gpsc-iass.gujarat.gov.in પર પોતાના દસ્તાવેજ ઓનલાઇન અપલોડ કરી રજુ કરવાના રહેશે. (પરિણામના અંતે દર્શાવેલ **ખાસ સૂચના ધ્યાને લેવી.)**

**(1) બિન અનામત(કોમન)**

| | | | | |
|---|---|---|---|---|
| 101000001 | 101000025 | 101000045 | 101000068 | 101000074 |
| 101000075 | 101000076 | 101000143 | 101000165 | 101000170 |
| Total=10 | | | | |

**2.** અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ આ જાહેરાતના અનુસંધાને "ઓન-લાઇન" કન્ફર્મ થયેલ અરજી પત્રક (ફોટોગ્રાફ સ્પષ્ટ ના હોય તો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ અરજીપત્રક પર લગાવવાનો રહેશે. સહી સ્પષ્ટ ના હોય તો ફરીથી અરજીપત્રકમાં સહી કરવાની રહેશે.) અને <u>લાગુ પડતા જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રોની નક્લ</u> નીચેના ક્રમાનુસાર

(1) જન્મ તારીખના પુરાવા માટે એસ. એસ. સી. ક્રેડીટ પ્રમાણપત્રની નકલ (જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં)

(2) નામ / અટકમાં ફેરફાર કરાવેલ હોય તો સરકારી ગેઝેટની નકલ/ પરિણીત મહિલા ઉમેદવાર માટે લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ

(3) અનામત વર્ગ (અનુ. જાતિ, અનુ.જનજાતિ, અને સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ

(4) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોએ (જાહેરાતમાં દર્શાવ્યા મુજબ નિયત સમયગાળાનું ગુજરાતી નમુના મુજબનું પરિશિષ્ટ-ક અરજીપત્રકમાં દર્શાવેલ નંબર અને તારીખનું જ) રજૂ કરવાનું રહેશે. પરિશિષ્ટ-ક ના વિકલ્પે અન્ય કોઇ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિ. અંગ્રેજીમાં Annexure-A (જે કેન્દ્ર સરકારની ભરતી કે સંસ્થાઓ માટે છે) તે માન્ય રાખવામાં આવશે નહીં. પરણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેઓની માતા-પિતાના આવકના સંદર્ભમાં રજૂ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજૂ કરેલ હશે તો તે માન્ય રાખવામાં આવશે નહીં.

(5) શારીરિક અશક્ત ઉમેદવારોના કિસ્સામાં સામાન્ય વહીવટ વિભાગના તા:૦૧.૧૨.૨૦૦૮ ના પરિપત્ર મુજબનું નિયત નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ / સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપેલ પ્રમાણપત્ર

(6) માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં ડિસ્ચાર્જ બુકની નકલ

(7) પરિણીત મહિલાઓના કિસ્સામાં લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર/ અટક અથવા નામ બદલાવેલ હોય તો તે અંગેના જાહેરનામાની નકલ

(8) વિધવા મહિલા ઉમેદવારોના કિસ્સામાં પુન: લગ્ન ન કર્યા અંગેના સોગંદનામાની નકલ

(9) વર્ગ-૩ ની જાહેરાત માટે રમતગમતના પ્રમાણપત્ર (જાહેરાતમાં દર્શાવેલ હોય તે નમૂનામાં)

(10) સ્નાતક (બધાં જ વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક )

(11) સ્નાતક પદવી પ્રમાણપત્ર

(12) અનુસ્નાતક (બધાં જ  વર્ષ/ સેમેસ્ટરના ગુણપત્રક ) (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(13) અનુસ્નાતક પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(14) તબીબી, દંત વિષયક અને પશુચિકિત્સા વિષયક જાહેરાતો માટે ઇન્ટર્નશીપ પૂર્ણ  કર્યા અંગેનું પ્રમાણપત્ર (જો  જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(15) જે જાહેરાતમાં  કાઉન્સિલનું રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં સંબંધિત કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોય તે  નોંધણી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(16) પીએચડી પદવી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(17) નેટ/સ્લેટ પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(18) વિદેશની યુનિવર્સિટી માંથી પદવી મેળવેલ હોય તો તેની માન્યતા અંગેના પુરાવાની નકલ

(19) જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો / પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(20) ગુજરાત સરકારની સેવામાં ફરજ બજાવતા કર્મચારીઓએ રૂબરૂ મુલાકાત સમયે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૮.૧૧.૧૯૮૯ના પરિપત્રથી નિયત થયેલ નમુનામાં "ના વાંધા પ્રમાણપત્ર" (અસલમાં) અચૂક રજુ કરવાનું રહેશે.

(21) અનુભવના પ્રમાણપત્રો (જાહેરાત મુજબ જરૂરી હોય તો ક્રમાનુસાર મેળવેલ અનુભવ, લાગુ પડતા સંવર્ગના કાર્યકાળની શરૂઆતથી પગારની વિગત, ફરજ/કામના પ્રકાર દર્શાવવાના રહેશે.)

(22) સંશોધનપત્રો (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો)

(23) બિનઅનામત ઉમેદવારોએ ભરેલ ફી ની ઝેરોક્ષ નકલ

(24) શારીરિક માપ અંગેનું તબીબી પ્રમાણપત્ર (જો જાહેરાતની જોગવાઈ મુજબ જરૂરી હોય તો) અને

(25) જાહેરાતની જોગવાઈ અનુસંધાનમાં લાગુ પડતા અન્ય આધાર પુરાવા/પ્રમાણપત્રો

**પૈકી આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર જાહેરાત ક્રમાંક: 138/2019-20 હેઠળ હવે પછી દર્શાવવામાં આવનાર**

**યાદી મુજબના લાગુ પડતા તમામ જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો / આધાર પુરાવા ની નકલ યોગ્ય રીતે કાળજીપૂર્વક તા:૨૦/૧૦/૨૦૨૧ થી તા: ૨૯/૧૦/૨૦૨૧ દરમ્યાન અચૂક ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.**

**ખાસ સૂચના :-**

અરજી ચકાસણીને પાત્ર ઠરેલ ઉમેદવારોએ પોતાની અરજી સાથે જરૂરી પ્રમાણપત્રો/ દસ્તાવેજ ઓનલાઇન પધ્ધતિથી જ અપલોડ કરીને રજુ કરવાના રહેતા હોવાથી રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા સ્વીકારવાપાત્ર બનતા નથી, આથી ઓનલાઇન પધ્ધતિ સિવાય અરજી મોકલનાર ઉમેદવારો અરજી ચકાસણી માટે આપોઆપ અપાત્ર બનશે.

ઉમેદવારે ભરતી પ્રક્રિયા અંતર્ગત પોતાની ઉમેદવારી સંદર્ભે આગળના તબક્કાની કાર્યવાહી માટે ઓનલાઇન પધ્ધતિ અનુસરીને તકેદારી અવશ્ય દાખવવાની રહેશે.

**સ્થળ: ગાંધીનગર-382010**
**તારીખ: 12.10.2021**

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ